ઓણની જેમ તે વર્ષે પણ વરસાદ ખૂબ સારો અને સોળઆની પાક થયેલો. એક દિવસ સવિતાએ પાણીની હેલ્ય પાણિયારે મૂકતાં કહ્યું, 'બા, આપણા ગામમાંથી ચારધામની જાત્રાનો સંઘ નીકળે છે, મોટા ફળિયાવાળા કરશનકાકા અને ચંપાકાકીએ નાક નોંધાવ્યા છે, તમે ને મારા આતા જઇ આવોને જાત્રામાં.' તે એકી શ્વાસે બોલી ગઇ.

ઓસરીમા બેઠી બેઠી આદેડ ઉંમરે પહોંચેલી દિવાળી શાક સમારતાં સમારતાં બોલી, 'બેટા, લગનનો ખર્ચો હજી હમણાં જ કર્યો અને સંતોકને આણું વાળ્યું, હવે જાત્રાના ખર્ચાને કેમ પોગવું?'

સવિતા કહે, 'એ તો દઇ રહેશે દેનારો, તમે ચંત્યા ન કરો. વળી ઓણ ઉપરવાળાએ મે'ર કરી છે. જઇ આવો, અહીંનું હું અને તમારા દીકરા પહોંચી વળીશું.'

આખરે સવિતાએ બંનેને જાત્રામાં મોકલવાનું નક્કી કરાવ્યું. પરબત જાતે જઇને નામ નોંધાવી આવ્યો. સવજી અને વિતા શહેરમાં જઇ બંને માટે નવાં કપડાં, જોડાં અને બીજી જરૂરી વસ્તુઓ ખરીદી લાવ્યાં. સવિતાએ ઘરની જ ભેંસના ઘીમાંથી રસાળ સુખડી બનાવી અને ભાતાના ડબ્બા ભરી દીધા. વાજતે ગાજતે જાત્રા ઉપડી પણ ગઇ.

તે સમયે વાહનવ્યવહાર ખૂબ જ ઓછા. જ્યાં સુધી રેલ જાય ત્યાં સુધી રેલ પછી બસ. અને કોઇ સ્થળે ચાલીને જાત્રા થતી. સંઘમાં રસોઇયા, મજૂરો સાથે રહેતા, જ્યાં મુકામ કે ત્યાં રસોઇ બનતી. સંઘમાં એકાદ ભણેલો માણસ દરેક જાત્રાળુના ઘરે ખુશીખબરની ટપાલ લખી દેતો. આમ બબ્બે ત્રણ ત્રણ મહિના જાત્રા ચાલતી.

સંઘ રવાના થયા પછી સવિતા રોજ આંગણામાં ઓકળીઓ પૂરતી અને પાણિયારે ઘીનો દીવો કરી, બે હાથ જોડી પ્રાર્થના કરતી, 'હે પરભુ! જાત્રા હેમખેમ પાર પાડજો.'

ઓતરાદો આંખોને આંજી દેતો વીજળીનો ચમકારો થયો ને પ્રચંડ મેઘગર્જના થઇ, મોરલાના ટહુકાથી વાતાવરણ ગાજી ઊઠ્યું અને પરબત ભૂતકાળની ગર્તામાંથી વાસ્તવિક ભૂમિ ઉપર પાછો આવ્યો.

તે ઊભો થયો, ફરજામાં જઇ બળદની માથે હાથ ફેરવ્યો, માલિકનો પ્રેમાળ હાથ શરીર પર ફરતાં અનુભવી બળદો ખુશી વ્યક્ત કરવા માટે તેનો હાથ

ચાટવા લાગ્યા. ધીમી ધારે વરસાદ ચાલુ થયો. તેણે ચા બનાવવા માટેનાં સાંઠીકડાં પલળી ન જાય તે માટે ફરજીમાં મૂક્યાં. ત્યાં પડેલા ખાટલા ઉપર બેસીને તેણે ફરી વાર બીડી સળગાવી ને ઊંડા કસ લેવા લાગ્યો.

બીડીમાંથી નીકળતી ધૂમ્રસેરમાં વલી તેને ભૂતકાળ નજરે ચડ્યો.

સફળતાપૂર્વક જાત્રા પૂરી કરીને સંઘ ગામમાં પરત આવ્યો. ગામે ઉમંગથી સંઘનું સામૈયું કર્યું. કમરે બાંધેલ દોકડને તાલબદ્ધ થાપી દેતો કાનો હજામ અને ઝાંઝના તાલે પહાડી રાગમાં કીર્તન ગવરાવતા નથુ કોલી નજર સમક્ષ ખડા થયા. 'શેરી વળાવી સજજ કરું ઘરે આવોને, શેરડીયે પધરાવું ફૂલ, વાલમ ઘરે આવોને.'

હેમખેમ જાત્રા પૂરી કરીને પરત આવેલાં સાસુસસરાનું સવિતાએ હરખથી સ્વાગત કર્યું. પાણિયારે દીવો કર્યો, ને સાસુ-સસરાને પગે લાગીને શુભ સમાચાર આપ્યા કે તેના પેટમાં પરબત પટેલનો વંશવેલો ઉછરી રહ્યો છે. બંને હરખઘેલાં થઇને ગામને કંઠી પ્રસાદ આપવા જતી વખતે કહેતાં, 'બેન, અમારી જાત્રાફળી, સવિ વહુને સારા દિવસો જાય છે. કારતકમાં તો ખોળો ભરવાનો છે.'

પરંતુ ભાવિના ગર્ભમાં કંઇક અલગ લખાયું હશે, હસતા કિલ્લોલતા આ સુખી કુટુંબ માથે અચાનક દુઃખના ડુંગર તૂટી પડ્યા. પરબત ઉઘાડી આંખે નજર સામે ચિત્રપટ ઉપર દેખાતા ચિત્રોની જેમ ઘટના નિહાળી રહ્યો.

આજની જેમ તે દિવસે પણ શ્રાવણનો સોમવાર હતો. ધીમી ધારે વરસાદ વરસતો હતો. પરબત ઓસરીમાં ખાટલો ઢાળીને બેઠો-બેઠો બીડી પીતો હતો. સવજીએ ફરજામાંથી બળત છોડ્યા, ભેંસ પણ છોડી, બોલ્યો, 'આતા ઢોરને શેઢે આંટો મરાવતો આવું.'

'સવા, આજે વરસાદની ઉભ વધારે છે. આજે ઢોર ભલે બાંધ્યાં. ખીલે નીરણ નાખી દેશું.' પણ સવજી માન્યો નહીં અને ઢોર લઇને નીકળી ગયો. બોલતો હતો, 'વરસાદ જોઇને ખેડૂતનો દીકરો ડરી જાય તો ખેતી થાય કેમ?'

વરસાદનું જોર વધતું ચાલ્યું નવ-દસ વાગતા સુધીમાં તો સાંબલાધારે વસવા લાગ્યો. અને આકાશમાં સબાસબી વીજળીને મેઘગર્જના થવા લાગી. પરબતના જીવને આજે ક્યાંય ચેન પડતું નહોતું.

અચાનક આખા આકાશને ભરી દેતો વીજળીનો ચમકારો થયો, ડુંગરા ધણધણાવતી ગર્જના થઇ. રસોડામાં કામ કરતાં સાસુ-વહુ દોડીને બહાર નીકળ્યાં. પરબતના હૃદયના ધબકારા વધી ગયા. વીજળીની સાથે તેના દિલમાં ઊભો ધ્રાસકો પડ્યો. વરસાદનું જોર સતત વધતું જતું હતું.

અચાનક દેકારો થયો, 'દોડો, દોડો, વીજળી પડી.' પરબતે ઊભા થતા'કને જોડા પહેર્યા ને દોટ કાઢી ખેતર ભણી. તેનો ભય સાચો પડ્યો. બળદને શેઢે ચરવા મેલીને ખેતરમાં આંટો મારતા સવજી ઉપર વીજળી પડી હતી.

આ જ મોયા બાવલ પાસે ચત્તાપાટ પડેલા સવજીનું શરીર કાળું પડી ગયું હતું. પરબત હાંફતો હાંફતો પહોંચ્યો ત્યારે અર્ધું ગામ પહોંચી ગયું હતું.

ગામમાં હાહાકાર વર્તાઇ ગયો. પરબત પટેલનો જુવાનજોધ સવજી પોતાના બાળકનું મોં જોવા પણ ન રોકાયો અને અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો. આધેડ ઉંમરે પહોંચેલા પરબતનું જીવું આકરું થઇ પડ્યું.

સવિતાનાં છાતીફાટ રુદન ભલ-ભલા મરદ મૂછાળાને પણ પિગળાવતાં હતાં. ગામની ઉંમરવાળી સ્ત્રીઓ સમજાવતી હતી. 'સવિતા, દીકરી, બીજું બધું તો ઠીક પણ તારા પેટમાં ઉછરતા બાળક સામે તો જો.' પણ સવિતાનું રોણું અટકતું નહોતું.

સૌથી દયનીય હાલત તો સવજીની માની હતી.

એક તો જુવાન દીકરાનું ગામતરું અને બેજીવ સોતી તેની લાડકી વહુની વેદના એનાથી સહી જતી નહોતી. આમ અચાનક જુવાનજોધ એકનો એક દીકરો અકાળે ગામતરું કરી જાય તે કઇ માં સહન કરી શકે? તેને એટલો તો ઊંડો આગાત પહોંચ્યો હતો કે હવે તે રામાં લવી ઊઠતી, 'મારા સવજીના ઘેર દીકરો આવ્યો, અસલ બીજો સવલો છે.' ને આમને આમ દીકરાના વિરહમાં છ મહિનામાં તો તેની માં ૫ હાલી નીકળી અનંતની યાત્રાએ, દીકરાને મળવા.

છ માસના ગાળામાં ઘરમાં બબ્બે મોતથી પરબત ભાંગીને ભૂક્કો થઇ ગયો. પણ હશે, જેવી ુપરવાળીની મરજી તેમ ગણીને મન વાળતો હતો. પણ નજર સામે વિધવા અને સગર્ભા વહુનું મોં તેનાથી જોયું જતું નહોતું. હિંમતવાળી સવિતા કળાવા દેતી નહોતી પત્ર એકલી એકલી રડ્યે રાખતી હતી.

આપણામાં એક કહેવત છે. 'દુઃખનું ઓસડ દહાડા' તે મુજબ ધીમે ધીમે દુંખને વિસારે પાડીને પરબત ખેતીકામમાં વળગ્યો અને સવિતા ઘરકામમાં અને પેટમાં ઉછરતા આ ઘરના વંશવેલાના ઉછેરમાં ધ્યાન દેવા લાગી. હવે તે પરબત પટેલની લાજ પણ કાઢતી નહોતી. બંને બાપ-દીકરીની જેમ રહેવા લાગ્યાં.

એક દિવસ શિરામણ કરતાં કરતાં પરબત પટેલે કહ્યું, 'સવિતા અહીં આવને દીકરી, મારી વાત સાંભળ, મારી જીભ આ કહેતાં ઉપડતી નથી પણ તું હજી નાની બાળ, આમ કેટલો વખત રહીશ અને આપણામાં ક્યાં નથી થાતું? દીકરી, તું હા પાડે તો આ જ ઘરેથી જેમ સંતોકને સાસરે વળાવી તેમ તને પણ વળાવું. મારી દીકરી! મારાથી તારું વિધવાપણું જોયું જતું નથી. 'તેની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા.

'આવું કેમ બોલો છો આતા?' પાણીનો કળશ્યો આપતાં સવિતા બોલી 'હું વઇ જાવ તો તમારું કોણ? ને વળી આ પેટમાં ઉછરતો આ ઘરનો વેલો. જો દીકરો આવશે તો આ ઘરની ડેલી ઉઘાડી રહેશે અને દીકરી આવશે તો લક્ષ્મી ગણી ઉછેરીને સાસરે મોકલશું. હવે તો આ ઘરમાંથી મારી ઠાઠડી જ નીકળશે આતા.' પરબત મૂગા મૂગા સાંભળતદો રહ્યો.

સવિતાએ દીકરીને જન્મ આપ્યો. પરબતે 'જેવી પ્રભુની મરજી' કહીને મન વાળી લીધું. હવે તો 'દીકરો હોય કે દીકરી, ભણાવી ગણાવી સારા સંસ્કાર આપો એટલે દીકરી પણ સવાયો દીકરો સાબિત થાય.'

પણ સવિતાનું મન માનતું નો'તું. 'ગમે તેમ તોય દીકરી પારકી થાપણ, કાલ સવારે પાંખો આવે ને ઊડી જાય. અને આતા કે હું ન હોઇએ તો આ ડેલી હંમેશ માટે બંધ થઇ જાય. 'ના, આનો મારે કંઇક રસ્તો કાઢવો પડશે.' તેણે મનોમન કંઇક સંકલ્પ કર્યો.

વળી એક દિવસ પરબત ખેતરેથી આવ્યો. સવિતા બાલકીને હીંચકાવતી હતરી ત્યારે તેણે કહ્યું, 'સવિતા, દીકરી માની જા હો, હજીય મોડું નથી થયું. દીકરી મોટી થશે એટલે હું લઇ જઇશ અને અમે દાદો, દીકરી અહીં રહીંશુ પણ તારું જીવતર બગાડ મા દીકરી.' તેણે બળદને ફરજામાં બાંધ્યા.

'મેં તો કંઇક નવું જ વિચાર્યું છે આતા', પરબતને પાણી આપતાં સવિતા બોલી. 'મારે નવી સાસુ લાવવી છે. તમારું ઘરઘૈણું કરવું છે.'

પરબતના ચહેરા ઉપરનું નૂર ઊડી ગયું, જેમ કોઇ અઘટિત પ્રસંગ સામે આવ્યો હોય તેમ પરબત વિસ્ફિરિત આંખે સવિતા તરફ જોઇ રહ્યો. 'તારે મારા ધોળામાં ધૂળ નાખવી છે. ઘરમાં જુવાનજોધ વિધવા વહુ હોય ને હું ઘરઘૈણું કરું. આ કરતાં તો હું મરવાનું પસંદ કરીશ.' તેની આંખમાંથી ટપ....ટપ આંસુ વહેવા લાગ્યાં.

પણ એમ હારે તો સવિતા શેની! તેણે ગામના

પાંચ આગેવાનો અને ઉંમરવાળી બે ત્રણ ડોસીઓને એક દિવસ ઘરે બોલાવીને તેના સસરાનું ઘરઘૈણું કરવાની વાત વહેતી મૂકી.

પહેલા તો ગામના આગેવાનો અચંબામાં પડી ગયા પણ સવિતાએ મુદ્દાસર વાત કહેતાં કહ્યું, 'જુઓ, મેઘજીકાકા, લખમણઆતા, મારે તો આ પરબત પટેલની ડેલી ઉઘાડી રાખવી છે. મારા આતાનું ઘરઘૈણું કરવા સિવાય ડેલી ઉઘાડી રાખવાનો કોઇ રસ્તો છે ખરો? સાચું કેજો અમરતકાકી, હજી મારા આતાને પંચાવન માંડ થયાં છે અને આ કંઇ મોજશોખનાં લગન થોડાં કરવાં છે! પાંચમાં પૂછાતા પરબત પટેલની ડેલી સૂની રહે એ મારાથી ખમાતું નથી, મારે તો મારો દેરને, આ છોડીના કાકાને રમાડીને મોટો કરવો છે. અને ફરી વાર આ ઘરમાં આનંદના અજવાળાં પાથરવાં છે,' દીકરીના માથે હાથ મૂકતાં સવિતાએ ઉમેર્યું, 'અને જો આતા નહીં માને તો મારે આજથી અન્નજળ હરામ.' સવિતા સાડલાને છેડે આંસુ લૂછતાં બોલી.

'અરે અરે! આ તું શું કહે ચે દીકરી! છાની રહે, તારા આતા માને શું નહીં? અમે મનાવશું પરબતને. આ સો વીઘાં જમીન, વાડી, ઘોડી, ચીરાબંધ મકાનનો વારસદાર કોણ? પરબતના ગયા પચી સવિતાનું કોણ અને તમારા બંનેના ગામતરા પચી આ વખંભર ડેલી અને ઊંચા પડથારના મકાન ખાવા દોડશે. આ દીકરી તો કાલ સવારે પાંખો આવશે એટલે ઊડી જશે.'

અને આખરે પરબતને માનવું પડ્યું.

સવિતાએ પોતાના મોસાળમાંથી પોતાનાથી દસેક વરસ મોટી એક ત્યક્તા સ્ત્રીને શોદી કાઢી અને સસરાનું ઘરગૈણું કર્યું.

આજ સુધીમાં વિધવા વહુનાં પુનઃલગ્ન સસરાના ઘરેથી થયાના ઘણા પ્રસંગો બન્યા ચે પણ, વહુએ સસરાને ફરીવાર પરણાવ્યાનો પ્રથમ દાખલો હતો, અરે! આપણા રાષ્ટ્રીય શાયર મેઘાણીની લોકકથામાં દીકરીએ બાપને ભાઇની ખોટે ફરી પરણાવ્યાનો પ્રસંગ છે. પણ સવિતા જેનું નામ તેણે એક અનોખો ઇતિહાસ રચ્યો. આકા પરગાણામાં સવિતાવહુનો ડંકો વાગી ગ્યો.

આવનારી નવી સાસુએ વરસ વળોટમાં દીકરાને જન્મ દીધો. સવિતાએ પોતાની સાસુની દીકરીની જેમ સુવાવડ કરી.

ધીમે ધીમે સવિતાવહુમાંથી સવિતા મા તરીકે ગામમાં ઓળખાવા લાગી. તેણે પોતાના નાનકડા દેર અશ્વિનને ઉછેરવામાં રાતદિવસ એક કર્યાં. પોતાની દીકરી અર્પિતા અને કાકા અશ્વિન બંને સાથે સારી રીતે ઉછેરવા લાગ્યાં. સવિતા હવે ગામમાં પૂછવા ઠેકાણું હતી. સારા નરસા પ્રસંગે તેની સલાહ ઉપયોગી નીવડતી. આજે હવે કાકો, ભત્રીજી નજીકના શહેરમાં કૉલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. અને પરબત પટેલની ડેલી ઉઘાડી જોઇને સવિતા પરમ સંતોષ અનુભવે છે.

વરસાદ હવે બંધ થઇ ગયો હતો. પનીયાને છેડેથી આંખો લૂછતો પરબત ફરજામાંથી બહાર આવ્યો. લીલીછમ મોલાત ઉપર વરસાદ વરસી ગયા પછીનો તરડકો ચમકતો હતો અને તેવો જ ચમકતો હતો, નજીકમાં આવેલ શિવમંદિર ઉપરનો કળશ. તેણે શ્રદ્ધાપૂર્વક મંદિરની દિશામાં બે હાથ જોડી માથું નમાવ્યું. 'વાહ પ્રભુ, જોતો ખરો કેવી ચે તારી માયા!'

અચાનક રસ્તા ઉપર મોટરસાયકલનો અવાજ આવ્યો. મોડું થઇ ગયું હોવાથી અશ્વિન તેને તેડવા આવ્યો હતો, 'બહુ મોડું કર્યું બાપુજી', તેરે મોટરસાઇકલ ઊભી રાખીને ઉમેર્યું, 'મારી બેય માએ હજી તમારી વાટમાં એકટાણું નથી કર્યું. તેણે પરબતને બેસાડીને મોટરસાઇકલ મારી મૂકી. સવિતા તેની ભાભી થતી હોવા છતાં તે હંમેશ મા જ કહેતો.

થોડી જ ક્ષણોમાં મોટરસાઇકલે ઉઘાડી ડેલીમાં પ્રવેશ કર્યો.

(સત્ય ઘટના પર આધારિત)

# નારી સુરક્ષા : વર્તમાને સળગતી સમસ્યા

પારૂલબેન ભરતકુમાર ગાંધી (રાજકોટ)

જ્યારે પણ વર્તમાનપત્રો, સમાચાર જોઇએ ત્યારે સતત એવું સાંભળવા મળશે જે કે આજે આટલી સ્ત્રીઓ પર બળાત્કાર થયો. બળાત્કાર બાદ તેના પર એક વિકૃતિની ચરમ સીમાએ શારીરિક - માનસિક અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે. ક્યાંક તેના હાડકા ભાંગી નખાય છે. તો ક્યાંક તેની આંખો ફોડી નંખાય છે, તો ક્યાંક તેની જીભ કાપી નંખાય છે, ક્યાંક તેને જીવતી સળગાલી દેવામાં આવે છે. આવા સમાચારો વાંચનાર માણસ પણ જો સંવેદના સભર દિલનો માલિક હોય તો તેને પણ કંપારી છૂટી જાય, તો પછી જેના પર આ અત્યાચાર ગુંજારાતો હશે તે વ્યક્તિની દશા કેવી હશે વગેરે માત્ર એકવાર કલ્પના કરી જોજો. અરે! પથ્થરમાંથી પણ આંસુ ફૂટી નીકળે તેવી હેવાનિયત બહેનો-દિકરીઓ પણ આચરાઇ રહી છે ત્યારે હજુ આપણે ''સબ સલામત''નાં ભ્રમમાંથી બહાર આવી નથી શકતા.

ઘણીવાર વિચાર આવે છે કે માણસની કૃિતિઓ, હેવાનિયાત આટલી હદે વકરતી જાય છે કે તે પશુને અને શેતાનને પણ પાછળ રાખી દે છે, આની પાછળનું કારણ શું?

૧) બાળપણથી મળતાં સંસ્કારોનો અભાવ :

આજે પશ્ચિમી સંસ્કૃતિનાં આંધળા અનુકરને કારણે દરેક સ્ત્રીને નોકરી કરવી છે, કેરિયર બનાવવી છે, પુરૂષ સમોવડી બનવું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સ્ત્રી-પુરૂષ વચ્ચે જે શારીરિક તફાવત છે તેને કારણે અમુક વસ્તુઓ તે કરી નથી જ શકતી. આનો અર્થ બિલકુલ એ નથી કે સ્ત્રીઓનાં વિકાસની હું વિરોધી છું. પરંતુ બધી વસ્તુની એક મર્યાદા હોય છે. નદી પણ તેના કિનારા વચ્ચે વહેતી હોય ત્યાં સુધી જ સારું લાગે બાકી જ્યારે પૂર આવે ને નહી તેના કિનારાને છોડી દે ત્યારે જે તબાહી મચી જાય છે તેના આપણે સહુ સાક્ષી છીએ.

મોટાભાગની નોકરી કરતી માતાઓ પાસે બાળકોનું સંસ્કારણ કરવાનો સમય જ ક્યા છે? આત્મીયતાનાં નાતે પરિવારને લાગણીનાં તાંતણે જોડી રાખવાની ફુરસત જ ક્યાં છે? હૈયાનાં હેતથી અન્નપૂર્ણા બની ઘરનાં સભ્યોનો જઠરાગ્નિ ઠારવાની નવરાશ જ ક્યાં છે? આથી જ તો ઘરડાંઘરો અને ઘોડિયાઘરો દિવસે દિવસે વધતાં જાય છે. વગર લગ્ને રિલેશનશીપ થી રહેનારા યુગલો વધતા જાય છે. નથી તેમને બાળકોની પળોજણ જોઇતી કે નથી વડીલોની સેવા કરવી આજે મોટાભાગનાં ઘરો વિભક્ત કુટુંબો થઇ ગયા. આવા સમયમાં બાળકને ગળથુથી માંથી અને ઘરમાંથી મળતાં સંસ્કારોથી તે વંચિત રહે છે. ૨।। ૩ વર્ષે બાળકને જ્યારે માતાની સૌથી વધુ જરૂર હોય ત્યારે જ તેને નર્સરીમાં ધકેલી દેવાય છે. ઘરથી દૂર બોર્ડિંગ શાળાઓમાં ભણવા માટે મોકલી દેવાય છે ત્યારે આવા ઊછેરવાળા બાળકો પાસે કેવા સંસ્કારો અને વર્તનની અપેક્ષા રાખી શકાય.

૨) જીવનજરૂરી વસ્તુઓની અભાવ અને બિનજરૂરી વસ્તુઓનો જીવન પર મોટો પ્રભાવ :

આજે મોબાઇલ સસ્તા છે શાકભાજી મોંઘા છે, દારૂ સસ્તો છે, દૂધ અને પાણી મોંઘા છે. સાત્વિક અને શિષ્ય સાહિત્યનો દુષ્કાળ જ્યારે બિભત્સ અને અશ્લીલ સાહિત્ય સહેલાઇથી ઉપલબ્ધ થાય છે, પશુઓ દિવસે દિવસે ઘટતાં જાય છે. આખલાઓ વધતા જાય છે, સંયુક્ત પરિવારો ઘટતાં જાય છે અને મૈત્રીકરારથી રહેતાં લોકો વધતાં જાય છે. શિક્ષણ સંસ્કાર મટીને વ્યાપાર બીન ગયું છે. આ હાટડીઓમાંથી એવા લોકોની વણઝાર બહાર પડે છે જેના માટે સજ્જનો ધિક્કારપાત્ર છે અને દુર્જનો પ્રશંસાપાત્ર.

મૂલ્યાનું, સિધ્ધાંતેનું, નૈતિક્તાનું, છડેચોક ધોવાણ થયેલું જોવા મળે છે. મોટાભાગનાં બાબાઓ ભારતની ઋષિ પરંપરાને કલંકિત બનાવી રહ્યા છે. આમ

# શ્રદ્ધાંજલિ







## સ્વ. શાંતાબેન મથુરાદાસ સાવડીયા

સ્વર્ગવાસ : તા. ૦૭-૧૦-૧૯૯૮

**હળવું હળવું તમારું અસ્તિત્વ ને એમાંથી પ્રસરેલી ભીની ભીની સુવાસ,**
**સંકોરે છે એ પ્રેમાળ વદન, જાણે તમે અહીં જ છો અમારી આસપાસ.**

પુત્ર : મહેશભાઇ મથુરાદાસ સાવડીયા (મુલુંડ)
પુત્રવધૂ : હર્ષાબહેન મહેશભાઇ સાવડીયા
પૌત્ર : નેમીન મહેશભાઇ સાવડીયા
પૌત્રવધૂ : સોનાલી નેમીનકુમાર સાવડીયા
પ્રપૌત્ર : સાહિલ નેમીનકુમાર સાવડીયા
પ્રપૌત્ર : ક્યાન નેમીનકુમાર સાવડીયા
પૌત્રી : પાયલ પ્રણવકુમાર દિનેશભાઇ શાહ
પ્રપૌત્રી : નુપૂર પ્રણવકુમાર શાહ
પ્રપૌત્ર : આર્ય પ્રણવકુમાર શાહ

પુત્રી : કુમુદ જસવંતરાય ખુશાલચંદ મહેતા (ઉપલેટા)
દોહીત્રિ : કાજલ જસવંતરાય મહેતા
પુત્રી : નયના પ્રવીણચંદ્ર કુશ્લચંદ્ર મહેતા (મોટી પાનેલી)
દોહિત્ર : નિખીલ પ્રવીણચંદ્ર મહેતા
દોહિત્રી : હેતલ ભાવેશકુમાર શાહ
દોહિત્રી : બિજલ હેમાંશકુમાર કોરડીયા

છતાં આપણે 'વિકાસ-વિકાસ'ના ગાણામાંથી બહાર નથી આવતાં. આવો વિકાસ ક્યાં લઇ જશે એ તો આવનારા સમય જ કહેશે આવી વાસ્તવિક્તાને સમજી, સુરક્ષાને દૃષ્ટિ સમક્ષ રાખી આગળ વધશું તો આવનારા વિનાશમાંથી કદાચ ઊગરી શકી.

**૩) વર્તમાને મોબાઇલ ઘણી બધી સમસ્યાઓનાં મૂળમાં રહેલો છેઃ**

મોબાઇલ ઘણી બધી સમ્યાઓનાં મૂળમાં રહેલો છે : મોબાઇલ અનેક સમસ્યાઓનાં મૂળમાં રહેલો છે કારણ તેમાથી વિલાસ અને વ્યભિચારની વ્યવસ્થા થઇ જાય છે. હૃદયમાં વિકૃતિઓની આગ પેદા કરનાર એક રાક્ષસી સાધન એટલે મોબાઇલ. તેમાં વિકૃત SMS તો આવે જ છે. બ્લ્યુ અને પોર્ન ફિલ્મો પણ આવે છે. બોમ્બ બનાવવાની રીત અને ગુનો કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન બધું આંગળીનાં ટરેવે મળી જાય છે. આજે મોબાઇલમાં ટી.વી. સમાઇ ગયું છે એક તો વાંદરો અને તેને પીવડાવવામાં આવ્યો દારૂ પછી તે તોફાનો અને ધમપછાડા શું ઓછા કરશે? એક તો યુવાની, બીજું વિલાસી વાતાવરણ, ત્રીજું સંસ્કારોનો અભાવ અને ચોથો હાયમાં મોબાઇલ. હવે આવા લોકોને બદથી પણ બદતર શેતાનોની હરોળમાં જતાં કોણ રોકશે?

**૪) સર્વતોમુખી વિકાસ માટે વિજ્ઞાન અને અધ્યાત્મ બંનેનો સંગમ જરૂરી :**

આજે ગરમી વધી રહી છે, વરસાદ વધી રહ્યો છે, આતંકવાદ વધી રહ્યો છે, ધરતીકંપો સુનામી અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ જેવી કુદરતી આફતો વધી રહી છે, ગરીબી-બેરોજગારી-મોંઘવારી જેવી આર્થિક સમસ્યાઓ વધી રહી છે. પ્રામાણિક્તા ગોત્યેય જડતી નથી. માનવતા-કરૂણા-સંવેદના-અનુકંપા-સેવા-પરમાર્થ જેવા સદ્ગુણોનો દુષ્કાળ પડી રહ્યો છે. આવા સંજોગોમાં માનવી હેવાનિયત જ આચરવાના કે બીજું કાંઇ?

આજે માત્ર વિજ્ઞાનની બોલબોલા છે તે ખોટું છે. વિજ્ઞાન સાથે જો અધ્યાત્મને જોડી દેવામાં આવે તો ઘણી બધી સમસ્યાઓનું સમાધાન મળી જશે. અધ્યાત્મને મહત્ત્વ નહિ આપીએ તો આ દુનિયા નરક બની શકે છે. આતી જ અધ્યાત્મને ઓળખી તેનું મહત્ત્વ સમજી તેને યોગ્ય સ્થાન આપી વિકાસનાં માર્ગે ચાલવાથી પ્રગતિનાં શિખરો સર થઇ શકશે.

**૫) નારી શરીરનું મર્યાદા બહારનું પ્રદર્શન આવી બાબતો પાછળનું મહત્વનું ચાલકબળ :**

સૌંદર્ય સ્પર્ધાઓ, ફેશન શો, સિનેમા, જાહેરાતોને ભલે રૂપાળા નામ આપતા હોય પણ તેની પાછળ થઇ રહેલું વરવું દેહપ્રદર્શન આવા બનાવોને પ્રોત્સાહન આપે છે. દેહપ્રદર્શનને જે લોકો રોકવાનો પ્રયત્ન કરે છે તેની સામે પાછા કહેવાતા માનવ અધિકાર માટે ઝઝૂમતા (?) લોકો મોરચો માંડે છે. શરાબબંધી, વ્યાભિચારબંદી કે પશુહત્યા રોકવા માટેની વાતોનો પણ આવા લોકો વિરોધ કરે છે ત્યારે એમને પૂછવાનું મન થાય છે કે - ખેતરોની જમીન પર ઉધ્ધોગો સ્થાપી ખેડૂતોને અપઘાત કરવા મજબુર કરતાં લોકો સામે - મોલ સંસ્કૃતિ દ્વારા નાના-છૂટક વ્યાપારીઓને ભિખારી બનાવતા લોકો સામે મોરચો ખોલવાનું કેમ યાદ નથી આવતું?

**૬) પ્રાચીન સંસ્કૃતિનું પુનઃસ્થાપન કરવું જરૂરી જ નહિ અનિવાર્ય બની ગયું છેઃ**

વર્તમાને આપણા દેશનું વાતાવરણ એવું છે કે તમે સભ્યતા-સંસ્કાર-સ્વયંશિસ્ત સંસ્કૃતિ કે શ્રદ્ધાની કોઇપણ વાત કરો તો કહેવાતા બુધ્ધિજીવીઓ, તાર્કિકો ક્ષણમાંય વિલંબ વિના તમને પછાત, જૂજવાણીનું બિરૂદ આપી જ દે.

આજે મારે શાણા સજ્જનોને વિનંતી કરવી છે કે કહેવાતા વિકાસની લ્હાયમાં તમે એ રસ્તે આગળ ન વધી જતાં જ્યાં માત્ર પતન ને પતન જે છો પરિવર્તન જો જીવન માટે જરૂરી છે તો જૂનું એટલું સોનું એ પણ ન ભૂલવા જેવી વાસ્તવિક્તા જ છે. દૂધની રક્ષા કરવા જો બિલાડીને જ બેસાડી હોય તો પરિણામ અપેક્ષિત જ છે ને? જેને સંસ્કૃતિ સાથે કશી લેવા-દેવા નથી. સંસ્કાર કે આસ્થા સાથે જેને કોઇ સ્નાન-સૂતકનો સંબંધ નથી એવા લોકોનાં હાથમાં સંસ્કૃતિનું રક્ષણ કરવાની જબાબદારી સોંપવામાં આવી છે તો પરિણામ ભોગનનવું જ રહ્યું.

સંસ્કૃતિનાં રક્ષણ અને પુનઃસ્થાપન માટે ફરીથી વિચારવાની ખૂબજ જરૂર છે. શીલ-સદાચાર-સંસ્કારોનાં આ દેશનાં ભવ્ય વારસાની જેને જાણકારી હોય, મહત્વાકાંક્ષા સામે ઝૂકી જતાં મનની નબળી

કડીની જેને સમજ હોય, વૈચારિક પ્રદૂષણ કેટલું ખતરનાક બની માનવજીવનને દુષ્કર બનાવી શકે છે તેનો જેને ખ્યાલ હોય, સંદેશાવ્યવહારનાં આધુનિક સાધનો અને ખરાબ વાતાવરણ આવા દુષ્કર્મોનું પ્રેરકબળ કેવી રીતે બને છે. તેની સમજવાળા લોકોનાં હાથમાં જો સુકાન સોંપાય તો જ આવા પ્રશ્નોનું નિરાકરણ થઇ કઇંક નક્કર પરિણામ મળે.

૭) પરિવર્તન માટેનું આંધળું અનુકરણ પતનની ગર્તામાં ધકેલી દેશેઃ એક વકીલ કે એન્જિનીયરનાં હાથમાં છરી પકડાવી ઓપરેશન કરવાનું કહેવામાં આવે તો પરિણામ દર્દીનું મૃત્યુ જ હોવાનું, કારણ તે ગમે તેટલો કુશલ વકીલ કે એન્જિનીયર ભલે હોય. ડૉક્ટર તો નથી જ, માટે આ કાર્ય માટે તે યોગ્ય પણ નથી જ. તેવી જ રીતે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે જે અંતર છે, જુદી જુદી સંસ્કૃતિ અને સંસ્કારો છે. જુદૂ જુદૂ ભૌગોલિક વાતાવરણ છે. ટૂંકમાં કહીઓ તો બંને વચ્ચે આસમાન-જમીનનો તફાવત છે છતાં આપણે લાંબુ વિચાર્યા વિના, પરિણામની પરવા કર્યા વિના પશ્ચિમની સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી રહ્યા છીએ ત્યારે તેનાથી આપણી સુખ-શાંતિ-સમાધિ જોખમાય એ દીવા જેવી સ્પષ્ટ જ વાત છે ને?

આ દેશ પાસે ઇતિહાસ હતો શિવાજી, રામ, ભગતસિંહ કે ગાંધીજી જેવા વીર પુરૂષોનો અને લક્ષ્મીબાઇ, સાવિત્રી, દમયંતી, સીતાદેવી સતીઓનો. આ બધા ને આદર્શ બનાવવાને બદલે આજે આપણે વિશ્વાસુંદરીઓને, મૉડેલોને, અબજોપતિઓને રાજનેતાઓને, ફિલ્મીનાયકોને આદર્શ બનાવી દીધા છે. સરહદે દેશ માટે શહીદ થનારા સૈનિકોને કોઇ જાણતું પણ નથી અને નશીલી દવાઓનાં બંધાણી આપણા નાયકો બની ગયા છે. સાચા સંતોને આજે કોઇ પૂજતું નથી અને નકલી ભગવાધારીઓનાં લાખો અનુયાયીઓ બની ગયા છે. શીલ-સદાચાર અને સંસ્કૃતિને જાળવીને જીવતા લોકોને આપશે 'પંતુજી' અને 'મીરાબાઇ' કહીને નવાજીએ છીએ અને સ્વછંદી, રખડુ, બેશર્મ લોકોને આપણે આધુનિક સુધરેલા કહી માથે ચડાવીએ છીએ. વિચારજો! આપણે આપણી બુધ્ધિનું દેવાળું તો નથી કંઢ્યું ને? કે પછી મોબાઇલ અને ટીવીનાં સંસ્કૃતિએ આપણી વિચારવાની શક્તિ જ છિનવી લીધી છે? હજુ પણ જાગી જઇશું તો બહુ મોડુ નથી થયું પણ જો વધારે સમય જશે તો પાછા નહિ ફરી શકીએ.

'જાગ્યા ત્યારથી સવાર' સમજીને આપણે સન્માર્ગે પાછા આવી જઇએ. આપણી સંસ્કૃતિ, આપણા સંસ્કાર, આપણા શીલ અને સદાચારની ભાવના એ જ આપણું અમૂલ્ય આભૂષણ છે. તેને જાળવીએ તેનું જતન કરીએ તો જ નારીને આપણે સુરક્ષિત જિંદગીની ભેટ આપી શકીશું.

## રત્નકણિકા

પ્રેમ-પવિત્રતા-અને પ્રસન્નતાનાં વિકાસને આજે કોઇ વિકાસ માનવા તૈયાર નથી એટલે જ આટલી ક્રૂરતા વધી છે.
માનવ તારી આ ક્રૂરતા જોઇને આવતીકાલે કોઇ રાક્ષસ કોર્ટમાં તારી સામે બદનક્ષીનો દાવો માંડી દે તો ના નહી?

- આચાર્ય પૂ. રત્નસુંદરવિજયજી

## ખરેખર ગરબે રમવું એટલે શું ?



**જય અંબે**

ગરબો તે બ્રહ્માંડનું પ્રતિક છે, ગરબા મા ૨૭ છિદ્ર હોય છે,
૯ની ૩ લાઈન એટલે ૨૭ છિદ્ર તે ૨૭ નક્ષત્ર છે
એક નક્ષત્ર ને ચાર ચરણ હોય છે,
૨૭ x ૪ = ૧૦૮

નવરાત્રી મા ગરબા ને મધ્યમાં રાખી ૧૦૮ વખત ગરબી રમવાથી અથવા ઘૂમવાથી બ્રહ્માંડની પ્રદિક્ષણા કરવાનું પૂણ્ય મળે છે. ગરબા રમવાનું મહાત્મય આ છે.

# સંતસમાગમ જેવો સમાગમ નહીં, સત્સંગ જેવો રંગ નહીં

લલિત ઠક્કર (સ્વામી પ્રેમ અનુરાગી)

પાપ અને પુણ્યની વાત કરીએ ત્યારે આપણને ઇતિહાસમાં એવાએવા દાખલા જોવા મળે છે, જે ક્ષણભરમાં મહાપરિવર્તન થયા હોય. અંગુલીમાલ જેવો હત્યારો બુદ્ધના સમાગમમાં આવ્યો એવો જ એ બદલાઇ ગયો. ''જેસલ'' બહારવટિયો ''તોરલ સતી''ને મળ્યો અને જીવનનું સોપાન બદલાઇ ગયું. આવા હત્યારા પણ સંતપુરુષોના સમાગમમાં આવવાથી પરિવર્તન પામે છે.

જ્યારે આજનો માનવી એવો રીઢો થઇ ગયો છે કે, ગમે તેટલા સંતના રંગમાં રંગાય, પણ કોરો ને કોરો જ રહી જાય. કોઇ જાતનો રંગ એને લાગે નહીં. પથ્થર પણ નદીમાં ફરતોફરતો ઘસાઇને પોતાની તીક્ષ્ણતા ગુમાવી ગોલાઇ પકડે છે. મતલબ પથ્થર પણ સુંવાળો થઇ જાય છે, પણ અત્યારના આધુનિક યુગમાં જીવનાર, ભૌતિક સુખમાં રાચનાર ગમે તેવા મહાપુરુષના સંગમાં આવે, પણ એ કોરો ને કોરો જ રહે છે.

સંત-સાધુના શબ્દો મંદિરના દરવાજા સુધી જ રહે છે. જેવા મંદિરના દરવાજા છોડ્યા, શબ્દો પણ સાધુના છૂટ્યા. આ છે આપણા આજના નવા યુગની આધુનિકતાની અને સાયન્સની દેન.

જૂના જમાનાની આ વાત છે. જેસલ જેવા બહારવટિયાની જિંદગી પર નજર નાખશું તો થશે કે આવો બહારવટિયો થોડા કલાકોમાં જિંદગીનો રાહ બદલી શકે છે તો આપણને કેમ કોઇ અસર થતી નથી?

એક દિવસ રાતના ત્રણ વાગ્યે જેસલ ઘરનો દરવાજો ખટખટાવે છે. અંદરથી એની ભાભી આવીને દરવાજો ખોલે છે, પણ જે શબ્દો કહે છે તે એને ભાલાની જેમ ખૂંચી જાય છે.

આ છે એ શબ્દો :

જેસલભાઇ, દરરોજ મોડી રાતે આવી તમે મારી ઊંઘ હરામ કરો છો આ સારું નથી.

જેસલ સાંભળી ગુસ્સામાં આવી ગયો. એ એવો બહારવટિયો હતો કે જ્યાં ચોરી કરવા જાય ત્યાં પુરુષની હત્યા કરીને પાછો ફરે. નવવિવાહિત પુરુષોની હત્યા કરી નાખે. નાનાં બાળકોની હત્યા કરતા પણ કંપે નહીં. આવો હત્યારો ભાભીના આવા શબ્દો કેમ સાંભળી શકે? એ શબ્દ બોલનાર જો એની ભાભી ન હોત તો ક્યારની હત્યા કરી નાખી હોત. ભાભીના શબ્દો ખીલાની જેમ ભોંકાયા હતા. ભાભી વધારામાં બોલી કે, તમારામાં ત્રેવડ હોય તો તોરલરાણીની ઘોડી, તલવાર અને કામળી લઇ આવો તો હું તમને બહાદુર સમજુ.

જેસલને ભાભીનું મેણું સાંભળી શરીરમાં ક્રોધ વ્યાપી ગયો. એ ક્રોધમાં જ ઘરથી પાછો ફરી સીધો તોરલરાણી રહેતી હતી તે ગામ પહોંચ્યો. ગામમાં પહોંચી તોરલના ઘરનું ઠેકાણું પૂછી તોરલના ઘર સુધી પહોંચી ગયો. રાતના અંધારામાં તોરલના ઘરમાં છૂપાઇ ગયો. બીજા દિવસે સાંજ પડી એટલે તોરલના ઘરમાં ભજન-કીર્તન શરૂ થયાં. તોરલને ત્યાં પહેલા ભજન પછી ભોજન. જેસલ તો તોરલ જ્યાં એની ઘોડી બાંધતી ત્યાં ગમાણમાં છૂપાઇ ગયો હતો. ઘોડી અજાણ્યા માણસને જોઇને હણહણવા માંડી અને ખીલો ઉખેડી ગમાણમાંથી બહાર આવી ઊભી રહી ગઇ. જેસલ ગમાણમાં ઘાસ નીચે છૂપાઇ ગયો.

થોડી વાર પછી જ્યારે ભજન પૂરાં થયાં એટલે તોરલ પ્રસાદ આપવા ઊભી થઇ. તોરલના પ્રસાદની એક ખૂબી હતી કે જેટલા માણસો હોય એટલો જ પ્રસાદ હોય, ન વધે ન ઘટે, પણ આજે એક પ્રસાદ વધ્યો એટલે તોરલને થયું કે કોઇ એક માણસ

# શ્રદ્ધાસુમન



: જન્મ :

તા. ૧૫-૦૭-૧૯૨૯

: અરિહંતશરણ :

તા. ૨૩-૧૦-૨૦૧૬

## સ્વ. જમનાદાસ મોતીચંદ મહેતા

મૂળ વતન : જૂનાગઢ  હાલ : વડાલા - મુંબઇ

---

સ્મિતથી આવકારતા રહ્યા, સૌના હૃદયમાં વસતા રહ્યા
ધર્મ કદી ચૂક્યાં નહીં, વ્યવહાર કદી ભૂલ્યાં નહીં,
તનથી ભલે દૂર થયા, મનથી કદી વિસર્યા નહીં,
''નિ:સ્વાથભર્યુ પ્રેમાળ જીવન જીવનારા અમારા પ્રેરણાદાતા,
આપના કર્મનિષ્ઠ પુણ્ય આત્માને **કોટિ કોટિ વંદન**

**લિ. આપનો પરિવાર....**

ધર્મપત્ની : મધુવંતી જમનાદાસ મહેતા
પુત્રી : જાગૃતિ હેમેન્દ્ર શાહ, કામિની જયેશ વોરા, અમિતા દિવ્યેશ દોશી,
સુજાતા જમનાદાસ મહેતા, દોહિત્રી : રાજ વોરા
દોહિત્રી : હિરલ-તેજલ, કિંજલ-રાજવી, દિવામી-જહાન્વી
તેમ જ

**શ્રી મોતીચંદ કાળીદાસ મહેતા પરિવાર**

પ્રસાદ વગરનો રહી ગયેલ છે એટલે એ ગમાણમાં જોવા ગઇ. ગમાણ પાસે જતાં તેણે જોયું કે ઘોડી બહાર ઊભી છે અને ખીલા સાથે ઊભી છે. એને થયું કે ખીલો ઢીલો થઇ ગયો હશે એટલે નીકળી ગયો હશે. તોરલ ઘોડીને પકડીને ગમાણ પાસે લાવી. ખીલાને ગમાણમાં ઠોકયો. એને ખબર નહીં કે ત્યાં જેસલ સૂતો છે. તોરલનો ખીલો જેસલની હથેળીની આરપાર નીકળી ગયો, પણ જેસલે કંઇ બોલ્યા વગર ચૂપચાપ દરદ સહન કરી લીધું.

ઘોડીને અજાણ્યા માણસની ગંધ આવવાથી સ્થિર ઊભી રહેતી નહોતી. તોરલ ઘોડીને વહાલ કરે છે. એટલામાં તોરલના પગ નીચે લોહીનો રેલો જાય છે. એ ખીલા પાસે ગઇ અને ખીલો ખેંચી કાઢે છે. જેવો ખીલો ખેંચી કાઢ્યો કે જેસલે હથેળી અંદર લઇ લીધી. ફરી તોરલે ખીલો જમીનમાં ખોડ્યો ત્યાં તેને જેસલ દેખાયો. તરત જ તોરલ બોલી, લે ભાઇ! તારા ભાગનો પ્રસાદ બાકી છે. જેસલ બોલ્યો, પ્રસાદ જમણા હાથે લેવાય, મારો જમણો હાથ લોહીથી ખરડાયેલ છે. હું પ્રસાદ લઇ શકું તેમ નથી. તોરલ મનમાં વિચારે છે કે જો મારું સતીત્વ સાચું હોય તો, હે ભગવાન! તું આ માણસની હથેળી પહેલાં જેવી કરી દે અને આશ્ચર્ય વચ્ચે જેસલની હથેળી પહેલાં જેવી થઇ ગઇ. જેસલે પ્રસાદ લીધો અને ખાધો.

જુઓ જીવનમાં સંતપુરુષોના સ્પર્શ કેટલા સુખદ્ હોય છે. જેસલ આ બધું જોઇને સ્તબ્ધ રહી ગયો. તોરલે પછી પૂછ્યું, વીરા! તું કોણ છે અને ક્યાંથી આવ્યો છો? અને તારે શું કામ છે?

માતાજી, હું એક હત્યારો છું, ચોર છું, બહારવટિયો છું. મારી ભાભીએ મને મેણું માર્યું કે તારામાં શક્તિ હોય તો તું સતી તોરલની ઘોડી, કામળી અને તલવાર આ ત્રણ વસ્તુ લઇ આવ. બસ, આ મેણું મારાથી સહન ન થયું એટલે હું આવા રાતના અંધારામાં ત્રણ વસ્તુ લેવા આવેલ છું.

તુરત જ તોરલ બોલીઃ ઓહો, બસ આટલા માટે તારે ચોરી કરવી પડે વીરા. લે ત્રણે વસ્તુ તને આજે સોંપું છું.

જેસલે જેવી ત્રણે વસ્તુ લીધી કે હાથમાં બળતરા થવા લાગી. બહેન! આ ચીજના સ્પર્શથી મારા આખા શરીરમાં બળતરા થાય છે. તોરલ બોલી, ભાઇ! ગભરા નહિ. હું તારી સાથે આવી આ ત્રણેય ચીજ તારાં ભાભીને આપીશ. તું એના મેણામાંથી મુક્ત થશે.

તોરલના પતિએ પોતાની પત્નીને લૂંટારા સાથે જવા દીધી. તેને તેની પત્ની પર કેટલો ઊંડો વિશ્વાસ. તેના સતીત્વ પર કેટલું માન. તોરલ જેસલ સાથે નીકળી પડી. રસ્તામાં એક મોટી નદી આવી અને નદીને પાર જવા એક હોડીમાં બેઠાં. હોડીમાં બેઠાં ત્યાં જ નદીમાં તોફાન આવ્યું. નાવ ડૂબવા જેવી થવા લાગી. તોરલ જેસલને કહે છે કે, તેં કરેલાં પાપને હિસાબે આ નદી ગાંડીતુર થઇ છે, તોફાને ચડી છે. જો તું તારાં પાપનું પ્રાયશ્ચિત્ત કરે તો આ તોફાન થંભાવી દઉં. આટલું કહી તોરલ બોલી...

''પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે, તારી બેડલીને બૂડવા નહીં દઉં... એમ તોરલ કહે છે.'' ''જેટલા માથાના વાળ, તોરલરાણી જેટલા માથાના વાળ રે એટલાં પાપો તો મેં કર્યાં તોરલદે...એમ જેસલ કહે છે જી.'' અને જેસલ પોતાનાં બધાં જ પાપનો પસ્તાવો કરે છે કે મેં મીંઢળ બાંધેલા વરરાજાની જાન લૂંટી, સ્ત્રીઓનાં શીલ લૂંટ્યાં, બાળકોને નિરાધાર કર્યાં, વિધવાઓના નિઃસાસા લીધા, સ્વાદ ખાતર મરઘા-મરઘી, હરણ, ચકલાં જેવાં પશુ-પક્ષીઓની હિંસા કરી છે.

જેસલ રડતાંરડતાં પોતાનાં પાપની ગાથા તોરલને સંભળાવતો જાય છે અને પસ્તાવાનાં આંસુ વહેવડાવતો જાય છે. તોરલદાને કહે છે કે, તોરલ કહે છે, મને આમાંથી ઉગારો. વીરા! જરૂર તું ઊગરી જશે. તારી નાવડી જરૂર કિનારે પહોંચાડી દઇશ, પણ ભવિષ્યમાં આવાં પાપ કરતો નહીં અને જેસલ તોરલને વચન આપે છે કે આજથી હવે હું આવાં કામો ક્યારેય નહીં કરું.


તરત જ નદીનું તોફાન શાંત થાય છે અને બન્ને નદીના સામે કાંઠે ઊતરે છે. ઘરે પહોંચી જેસલ ભાભીને આખી વાત કહે છે. જેસલની ભાભી તોરલ સતીના પગમાં પડી અને સતીત્વ પર ફિદાફિદા થઇ ગઇ.

છેલ્લે જેસલ તોરલને કહે છે, બહેન! આવ્યાં છો તો ભાઇને ત્યાં જમીને જાવ. ત્યારે તોરલ કહે છે, નહીં વીરા! આખી વાત જ્યાં સુધી હું મારા પતિને નહીં કહું ત્યાં સુધી અન્ન-જળનો ત્યાગ છે.

તોરલ જ્યારે જાય છે ત્યારે જેસલ કહે છે, બહેન! તને ખાલી હાથે નહીં મોકલું, લે આ તારી તલવાર, કામળી અને ઘોડી, કહેજે તારા પતિને કે તારા ભાઇએ ભેટ આપી છે અને જ્યારે સાચી કમાણી કરીને આવીશ ત્યારે બહેન માટે બીજી ભેટ લાવીશ. તોરલ ઘરે જવા નીકળી પડે છે.

''સંસારમાં સત્સંગ જેવો રંગ નહીં.''

# कोरोना



कोरोना ने सबको किया है घर पे कैद,
इससे सब डरते है... नाई से लेकर वैद्य।
२०२० की यह कोरोना महामारी,
पड रही है इकॉनॉमी पर भारी।
छिन गई है आजादी सारी,
एक ही कारण... कोरोना महामारी।

अब कोई नहीं जाता है नौकरी,
क्योंकि अब सभी है फ्री फ्री फ्री।
सडक पर कोई गाडी नहीं, तो खुश है सारे ट्री,
अमेरिका से लेकर फतेहपुर सिकरी।
छिन गई बहुत सारे लोगों की रोजगारी,
एक ही कारण... कोरोना महामारी।

कुदरत की यह शिद्दत न्यारी,
प्रदूषण रोकने भेजी एक बीमारी।
बलशाली से नाएँ इसके समक्ष हारी,
सैनिटाईजर और मास्क की हैं बारी।
है ईश्वर से मेरी प्रार्थना करारी,
कि खत्म कर दे वह ये कोरोना महामारी।

**Tanay Sushil Shah,**
**Age: 13 years,**
**Std: 8th**

# પ્રભુને સર્વ સોંપીને

(ગઝલ)

પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થાવા દે,
પ્રભુની આ બદનબંસી, પ્રભુને તું બજાવા દે. પ્રભુને સર્વ...

પ્રભુના સૂરથી ન્યારો, કરે તું સૂર મમતાનો,
પ્રભુના સૂરમાં તારો, હૃદયનો સૂર મિલાવી દે. પ્રભુને સર્વ

પ્રભુ શિરસ્વામી છે મોટો, પછી શો છે તેને તોટો,
પ્રભુના અંકમાં બેસી, પ્રભુનું ધાર્યું થાવા દે. પ્રભુને સર્વ...

પ્રભુના જગતબાજારે, બન્યો સેવક તું વ્યવહારે,
પ્રભુના નામ પર ત્યારે, નફો નુકસાન થાવા દે. પ્રભુને સર્વ...

પ્રભુની નાટ્યશાળામાં, બન્યો નરદેહ આ જ્યારે,
રમાડે ખેલ ખેલાડી, વૃથા શું તું કૂટે ત્યારે ? પ્રભુને સર્વ...

ન ધાર્યું થાય તારું તો, નકામો ક્યાં મથી મરતો ?
અલગ થઈ જાજો હવે પ્યારા, પ્રભુનું ધાર્યું થાવા દે. પ્રભુને સર્વ...

બન્યો તું દોઢ-ડહાપણિયો, મધુરા વાક્ય તું બોલે,
કરે વ્યવહાર તું સઘળો, મમત ને હું તણા તાલે. પ્રભુને સર્વ...

ચરાચર દેહની બંસી, બજાવનહાર સાચો છે,
નથી તેં પારખ્યો પ્રેમે, કસોટીમાં તું કાચો છે. પ્રભુને સર્વ...

કહે પ્રારબ્ધિની સત્તા, નથી પ્રારબ્ધ તે જોયું,
રમે ઇંદ્રિય ભોગોમાં, અચળમાં ચિત્ત ના પરોવ્યું. પ્રભુને સર્વ...

નચાવે ભ્રાંતિયો તુંને, થયો અભ્યાસનાં કેદી,
શરણ જગદીશમાં વૃત્તિ, પછી થાનાર થાવા દે.
પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થાવા દે.

– સ્વામી જગદીશતીર્થ-મુડેટી

# ને તમે યાદ આવ્યાં

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.

ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ,
એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યાં.

જરા ગાગર ઝલકી ને તમે યાદ આવ્યાં,
જાણે કાંઠા તોડે છે કોઈ મહેરામણ રામ,
સ્હેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં.

કોઈ ઠાલુ મલક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે કાનુડાના મુખમાં બ્રહ્માંડ દીઠું રામ,
કોઈ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં.

કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ,
એક પગલું ઊપડ્યું ને તમે યાદ આવ્યાં.

– હરીન્દ્ર દવે

## આડી ચાવી

૧) આબાદી, વૈભવ (૫)
૪) વિનાયક (૪)
૭) શરીર (૨)
૮) અંગ્રેજીમાં માસ્તરને કહેવાય (૨)
૯) પવન, વાયુ (૨)
૧૦) આંગળીથી વેગળા એ વેગળા (૨)
૧૨) બાજુ, ભણી (૩)
૧૩) છોડવું (૩)
૧૪) ......સરી કે વૈદ વેરી (૩)
૧૬) ધૂળનો કણ (૪)
૧૭) શરીરનું એક અંગ (૨)
૧૯) ... તારા બે હજાર નામ (૨)
૨૦) દૂધમાંથી બનાવેલો પદાર્થ (૩)
૨૧) ખોરાક, અનાજ (૨)
૨૨) સોળે....વીસે વાન (૨)
૨૩) દીવો, દીપ (૩)
૨૪) ધર્મેન્દ્ર, જિતેન્દ્રની ફિલ્મ (૫)
૨૭) જમણવારમાં થાળી...... અને ગ્લાસ હોય (૩)
૨૯) નમક, લવણ (૪)
૩૦) વૈષ્ણવ.... તો તેને કહીયે (૨)
૩૧) શ્યામ તેરી.... પુકારે રાધા શ્યામ (૩)
૩૩) શંકા, સંદેહ (૩)
૩૫) અનિલ, ઐશ્વર્યાની એક ફિલ્મ (૨)
૩૬) નવરાત્રી... મહિનામાં આવે (૨)
૩૭) પેટ કરાવે ..... (૨)
૪૨) ભીમનું એક શસ્ત્ર (૨)
૪૩) મૂળ ગામ કે દેશ (૩)
૪૪) રામને ૧૪ વર્ષનો ..... થયો (૪)

## ઊભી ચાવી

૧) અહીંની બાંધણી વખણાય (૫)
૨) ...... જણાવવાનું કે (૨)
૩) શરમ (૩)
૪) ફળની અંદરનો માવો (૨)
૫) ઉપાધિ, ચિંતા (૪)
૬) એક અને પા (૨)
૮) એક ફળ (૫)
૧૧) રાવણનો ભાઈ (૨)
૧૩) ઝટ ભાંગી જાય એવું (૪)
૧૫) નરક (૪)
૧૭) .... તેરી મોરની કો મોર લે ગયે (૨)
૧૮) હાથ, ટેક્સ (૨)
૨૦) ઊંચી દુકાન, ફીકા ..... (૪)
૨૨) ‘બરસાત’ શબ્દ ગોઠવો (૪)
૨૫) એક સંખ્યા (૨)
૨૬) અંદેશો, અફસોસ (૪)
૨૮) એક શાક (૨)
૩૦) ગંગા,....., સરસ્વતી (૩)
૩૧) રથ જેવી ઘોડાગાડી (૨)
૩૨) જનક પુત્રી (૨)
૩૪) રસિક...., એ ગુજરાતી અભિનેતા (૨)
૩૮) ..... હો દીકરી (૨)
૩૯) ..... ઔર દિન દિયા જલે (૨)
૪૦) મૂલ્ય, દર (૨)
૪૧) માઁ.....તે ગઢથી ઉતર્યા (૨)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ ૩ | | | | ■ ૪ | ૫ | | | ૬ | ■ | |
| | ■ ૭ | | | ■ ૮ | | | ■ | ૯ | ■ | | |
| ૧૦ | ૧૧ | ■ ૧૨ | | | ૧૩ | ■ | | | | ■ | ■ |
| ૧૪ | ૧૫ | | ■ | ■ ૧૬ | | | | ૧૭ | ■ ૧૮ | | |
| | ■ ૧૯ | | | ■ | | ■ | ૨૦ | ■ | | | |
| ■ | ૨૧ | | ■ ૨૨ | | ૨૩ | ■ | | | | ■ | ■ |
| ૨૪ | | ૨૫ | | | ■ ૨૬ | | ■ ૨૭ | ■ | ૨૮ | | |
| ■ | | ■ ૨૯ | | | | ૩૦ | ■ | | | ■ | |
| ૩૧ | ૩૨ | | ■ | | ■ ૩૩ | | | ૩૪ | ■ | | ■ |
| | ■ ૩૫ | | | ■ ૩૬ | | | ■ | ૩૭ | ■ | | |
| ■ | ૩૮ | ■ | ■ ૩૯ | | ■ ૪૦ | ■ | ૪૧ | ■ | | ■ | ■ |
| ૪૨ | | ■ ૪૩ | | | ૪૪ | ■ | | | | | ■ |

(જવાબ માટે જુઓ અન્યત્ર પાનું)

# અવસાન નોંધ

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ

છોડવડી નિવાસી હાલ સેલવાસ - રજનીકાંત હરિલાલ ગાંગજીભાઈ મહેતાના પુત્ર નિલેશભાઈ (ઉ.વ.૪૨) તે યોગેશભાઈ જયંતીલાલ દોશી પાટણવાવ હાલ બોરીવલીના ભાણેજ તા. ૬-૧૦-૨૦૨૦ના રોજ અરિહંતશરણ પામેલ છે.

❖❖❖

જામનગર નિવાસી હાલ મીરારોડ

સ્વ. રંજનબેન પ્રવિણચંદ્ર

જામનગર નિવાસી હાલ મીરારોડ સ્વ. રંજનબેન પ્રવિણચંદ્ર મહેતાના સુપુત્ર જયકુમાર (ઉ.વ.૪૬) તે અમીબેનના પતિ, જૈનમ તથા નિસર્ગના પિતા, સ્વ. દિપકભાઈ, કલ્પેશભાઈના ભાઈ, રાહુલ તથા જીજ્ઞા રાકેશ વસાના બનેવી, મઘરવાડા નિવાસી હાલ ગોરેગામ નરેન્દ્ર મનસુખલાલ વોરાના જમાઈ ગુરુવાર તા. ૮-૧૦-૨૦૨૦ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❖❖❖

વડાલ નિવાસી (હાલ પુના) સ્વ. મનસુખલાલ પુરુષોત્તમ મહેતા અને સ્વ. મંજુલાબેનના પુત્ર ભરતભાઈ (ઉ. ૬૫) તે મિનલબેનના પતિ, ઉમિત, જિનાલીના પિતાશ્રી, ઉર્વિતા અને ભાવિક ગોસલિયાના સસરા, જયેશ અને ભાવનાના ભાઈ, અનાહિતાના દાદા, આશ્કાના નાના, રાજકોટન નિવાસી સ્વ. ડૉ. મગનલાલ રામાણીના જમાઈ તે તા. ૨૩-૯-૨૦૨૦ના અરિહંત શરણ પામેલ છે.

❖❖❖

ભાણવડ નિવાસી હાલ ઘાટકોપર ચિ. ભૈરવ (નાનુ) ઉ. વ.૪૪ તે શ્રીમતી લલીતાબેન તથા સ્વ. જવાહરલાલ સોમચંદ શેઠના સુપુત્ર તે બીજલના પતિ, તે ધીમંત તથા ભાવના નીરવ ગાંધીના નાનાભાઈ તે વડાલ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મુક્તાબેન ન્યાલચંદ ચત્રભુજના દોહિત્ર, ગોંડલ નિવાસી મંજુલાબેન કાકુભાઈ કામદારના જમાઈ મંગળવાર તા. ૧૩.૧૦.૨૦૨૦ના અરિહંતશરણ પામેલ છે.

# ચિંતન

■ ભૂપેન્દ્ર એલ. દોશી

- લક્ષ્મીની સફળતા એનો સંગ્રહ કરવામાં નહિ, પરંતુ એનો સદુપયોગ કરવામાં આવે છે.
- આપણે જે છીએ તે ઈશ્વરની ભેટ છે, પણ આપણે જે બનીએ છીએ તે આપણે ઈશ્વરને આપવાની ભેટ છે.
- સખત મહેનત અને કઠોર પરિશ્રમ ગમે તેવી વિકટ પરિસ્થિતિ બદલાવી નાખે છે.
- જ્યારે પડછાયો લાંબો થવા લાગે ત્યારે સમજો કે સૂર્યાસ્ત નજીક છે.
- ઈચ્છિત વસ્તુ મેળવવામાં સુખ સમાયેલું નથી, પરંતુ તમારી પાસે જે સુવિધાઓ છે એ પૂરતી છે એમ સમજવામાં સુખ સમાયેલું છે.
- 'સ્વદોષદર્શન' એ ગુણોનો રાજા છે, એ જ ધર્મનો એકડો છે, બાકી બધા મીંડા છે. એકડા પછી જ મીંડાની કિંમત વધે.
- શ્રદ્ધા એટલે આચરણમાં મૂકવાલાયક પ્રેમ.
- જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે, ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.
- માળા ફેરવવી એ તો ગણતરીની કેદ છે, એનું રટણ તો આઠે પહોર હોવું જોઈએ.
- નિવૃત્તિ એટલે પ્રવૃત્તિનું પરિવર્તન.
- બુદ્ધિના તીક્ષ્ણ માણસ ઘણા મળશે, પરંતુ હૈયાના સરળ વિરલા જ હોય છે.
- જગતને જિન્દગીભર સમજ્યા, ચાલો હવે આપણી જાતને સમજીએ.
- અહમ્ તાડ જેવો છે, તેના પરથી પડી જવાય, જ્યારે વિનય વાટ જેવો છે, પડવાનો ભય જ નહિ.

### સમાજના મેમ્બરોને વિનંતી

નીચે મુજબની માહિતી દરેક મેમ્બરને એક પોસ્ટ કાર્ડ પર લખી સમાજને મોકલાવવા વિનંતી.

૧) વડીલનું સંપુર્ણ નામ ........................

૨) કાયમી એડ્રેસ ..............................

૩) મોબાઇલ નંબર .............................

૪) ઇમેલ એડ્રેસ ................................

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## ભેટની યાદી

### મુખપત્રને ભેટ

૧૦૦૧ શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર તરફથી સ્વ. ભારતીબેન ગુણવંતરાય મહેતાના આત્મશ્રેયાર્થે

૫૦૧ શ્રી કાંતીલાલ કપુરચંદ મહેતા પરિવાર તરફથી સ્વ. જીતેન્દ્રભાઈના આત્મશ્રેયાર્થે

### સમાજને ભેટ

૧૦૦૧ શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર તરફથી સ્વ. ભારતીબેન ગુણવંતરાય મહેતાના આત્મશ્રેયાર્થે

૫૦૧ શ્રી કાંતીલાલ કપુરચંદ મહેતા પરિવાર તરફથી સ્વ. જીતેન્દ્રભાઈના આત્મશ્રેયાર્થે

૫૦૦ અમારે આંગણે ચોથી પેઢી શ્રવી ધવલ શાહ ના આગમન નિમિત્તે. પૂર્ણિમાબેન હરકિશનદાસ શાહ તરફથી

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

૧૦૦૧ શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર તરફથી સ્વ. ભારતીબેન ગુણવંતરાય મહેતાના આત્મશ્રેયાર્થે

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળમાં શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી રાહત યોજનામાં મળેલ ભેટની યાદી

૧૦૦૧ શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર તરફથી સ્વ. ભારતીબેન ગુણવંતરાય મહેતાના આત્મશ્રેયાર્થે

૫૦૧ શ્રી કાંતિલાલ કપુરચંદ મહેતા પરિવાર તરફથી સ્વ. જીતેન્દ્રભાઈના આત્મશ્રેયાર્થે

### ડૉ. શાંતિલાલ રતિલાલ કોરડીયા મેડીકલ રાહત યોજના

૧૧૦૧ શ્રી કાંતીલાલ કપુરચંદ મહેતા પરિવાર તરફથી સ્વ. જીતેન્દ્રભાઈના આત્મશ્રેયાર્થે

૧૦૦૧ શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર તરફથી સ્વ. ભારતીબેન ગુણવંતરાય મહેતાના આત્મશ્રેયાર્થે

### જન્મદિવસ મુબારક

જન્મ તા. ૨૭-૧૦-૨૦૧૦

પ્રિયાંક આશીષ રામાણી પ્રિયાંશ આશિષ રામાણી

## હાર્દિક અભિનંદન



**Charmi Deepakbhai Mehta**
**SSC 86.80%**
Father Name : Deepakbhai
Mother Name : Charulata Mehta



**Fiona Manoj Mehta**
**HSC 91.69%**
Father Name : Manoj L. Mehta

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જા | ૨ હો | ૩ જ | લા | લી | ■ | ૪ ગ | ણ | ૫ પ | તિ | ■ | ૬ સ |
| મ | ■ | ૭ ત | ન | ■ | ૮ સ | ર | ■ | ળો | ■ | ૯ હ | વા |
| ૧૦ ન | ૧૧ ખ | ■ | ૧૨ ત | ર | ફ | ■ | ૧૩ ત | જ | વું | ■ | ■ |
| ૧૪ ગ | ર | ૧૫ જ | ■ | ■ | ૧૬ ર | જ | ક | ણ | ■ | ૧૭ ના | ૧૮ ક |
| ર | ■ | ૧૯ હ | રિ | ■ | જ | ■ | લા | ■ | ૨૦ પ | ની | ર |
| ■ | ૨૧ અ | ન | ■ | ૨૨ સા | ન | ■ | ૨૩ વ | | ક | ■ | ■ |
| ૨૪ ધ | ર | મ | ૨૫ વી | ર | ■ | ૨૬ | ■ | ■ | ૨૭ વા | ટ | ૨૮ કો |
| ■ | મા | ■ | ૨૯ સ | બ | ર | સ | ■ | ૩૦ જ | ન | ■ | બી |
| ૩૧ બ | ન | ૩૨ સી | ■ | ત | ■ | ૩૩ વ | હે | મ | ■ | ૩૪ દ | ■ |
| ગી | ■ | ૩૫ તા | લ | ■ | ૩૬ આ | સો | ■ | ના | ■ | ૩૭ વે | ટ |
| ■ | ૩૮ દા | ■ | ■ | ૩૯ રા | ■ | ■ | ૪૦ ભા | ■ | ૪૧ પા | ■ | ■ |
| ૪૨ ગ | દા | ■ | ૪૩ વ | ત | ન | ■ | ૪૪ વ | ન | વા | સ | ■ |

# Education Aid

General Extension of date to 31/10/20 for submission of Education Relief Form by Shri Sorath Visha Shrimali Jain Samaj Mumbai. Click below for Form Link:

**https://www.svjainsamaj.com/ education-Relief-form.aspx**

You can apply education form by clicking on this above link. You have to fill up the complete form, upload mentioned documents in the form and just have to submit..Thats all...

Separate applications for each student and the last date of sending application form now is 31/10/20

For any further queries please contact

**Mr. Jayant Doshi - 9821147177**
**Mr. Sanjay Mehta - 9820099071**

## સમાજ જોગ....

**વર્તમાન કોરોના ના વાતાવરણ ના કારણે ભાઇબીજ નું ૨૦૨૦નું શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજનું વાર્ષિક સંમ્મેલન રદ કરેલ છે.**

**જેની દરેક ભાઇબહેનોએ નોંધ લેવી.**

**સોરઠ વિશાશ્રીમાળી મુખપત્રનાં વાર્ષિક તથા આજીવન સભ્યફી નીચે આપેલ બેંક ની વિગત મા જમા કરવા વિનંતી.**


Account Name : SHREE SORATH VISA SHRIMALI J S
Bank Name : Bank of Baroda
Account No : 03870100000044
IFSC code : BARB0BULLIO
Branch : M. J. Market, Mumbai 400003

**જાહેરખબરના ચેક અથવા NEFT નીચે આપેલ બેંક ની વિગત મા જમા કરાવવા વિનંતી.**

Account Name : SHREE SORATH VISA SHRIMALI J S
Bank Name : Bank of Baroda
Account No : 03870100000044
IFSC code : BARB0BULLIO
Branch : M. J. Market, Mumbai 400003

## SHREE SORATH VISA SHRIMALI MUKH PATRA ADVERTISEMENT TARIFF FOR DIWALI ISSUE

| | |
|---|---|
| Full Page (B/W) | Rs. 2,500/- |
| Half Page (B/W) | Rs. 1,500/- |
| Full Cover Page No. 1 | Rs. 15,000/- |
| Full Cover Page No. 2 / 3 | Rs. 7,000/- |
| Full Cover Page No. 4 | Rs. 9,000/- |
| Full Page Art Paper (1 Col.) | Rs. 3,500/- |
| Full Page Art Paper (4 Col.) | Rs. 4,500/- |


Valiant Organics
Limited
A QUANTUM
LEAP FORWARD
109, Udyogkshestra, 1st Floor,
Mulund, Goregaon Link Road,
Mulund - 400 080.
Mob.: 9820808644 / 2267976673
mahesh.savadia@valiantorganics.com
www.valiantorganics.com




PUBLISHED ON 20TH EVERY MONTH - RNI - 22805 / 73 - SORATH VISHSHRIMALI (Guj. Monthly) - POSTING UNDER THE POSTAL REGISTRATION No. MCS / 140/2018-20 - POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002. ON 20th & 21st OF EVERY MONTH

Printed & Published by : Kirtiben Mayurbhai Mehta on behalf Shri Sorath Visa Shrimali Jain Samaj

Printed at Arihant Printing Press - Mo. : 9223430415

If Undelivered Pl. return of - Shri Sorath Visa Shrimali Jain Samaj 4, Devkaran Mansion, Bldg., No. 7, 2nd Flr., 24, Vithaldas Road, Mumbai-400002. Maharashtra (India)